

## ખેડબ્રહ્મામાં જલારામ જયંતિ ઉજવાઈ

ખેડબ્રહ્મા ખાતે જલારામ બાપાની ૨૧૫ મી જન્મ જયંતિ મહોત્સવ ધામધૂમથી ઉજવાઈ હતી. આ પ્રસંગે અમૃતભાઈ પ્રજાપતિના ઘરેથી શોભાયાત્રા નીકળી શહેરના મુખ્ય માર્ગો પર ફરી નદી કિનારે મંદિરે પહોંચી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. જલારામ બાપાની જન્મ જયંતિ ઉજવવા લખુભાઈ અટારા, બંસીલાલ સોની, કનુભાઈ પટેલ, ચેતનભાઈ પુજારી સહીત ભક્તોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# બનાસકાંઠામાં ૫૬ તબીબોની નિમણુંક કરાઈ

### આરોગ્ય સેવાઓમાં વધારો થશે અને છેવાડાના વિસ્તારમાં લોકોને ઘર આંગણે તબીબી સેવાઓ મળશે

પાલનપુર, તા. ૩૦

ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે તબીબી અધિકારી વર્ગ-૨ની ભરતીમાં પસંદ થયેલા ૫૦૦ થી વધુ ઉમેદવારોના નિમણુંકોના આદેશો તાજેતરમાં કરવામાં આવ્યા છે. જે પૈકી ૫૬ જેટલા એમ.બી.બી.એસ. તબીબી અધિકારીની બનાસકાંઠા જિલ્લામાં નિમણુંક કરવામાં આવી છે. આથી ઘર આંગણે નાગરિકોને આરોગ્ય સેવાઓ મળશે. પરિણામે સ્થાનિક રહિશોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે તબીબી અધિકારી વર્ગ-૨ ની ભરતીમાં પસંદ થયેલા ૫૦૦ થી વધુ ઉમેદવારોના નિમણુંકના આદેશો તાજેતરમાં તા. ૨૮-૧૦-૨૦૧૪ ના રોજ કરવામાં આવ્યા છે. જેમાં બનાસકાંઠા જિલ્લાના વાવ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય અને રાજ્યકક્ષાના આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ રાજ્યના છેવાડાના બનાસકાંઠા જિલ્લાના દુર્ગમ સરહદી અને અંતરિયાળ વિસ્તારોમાં લોકોને વધુ સારી આરોગ્ય સેવા અને ગુણવત્તાસભર સારવાર મળી રહે તે માટે તબીબોની ખાલી જગ્યાઓ ભરવાની બાબતે પ્રાધાન્ય આપીને રસ દાખવ્યો હતો. પરિણામે બનાસકાંઠા જિલ્લામાં ૫૬ જેટલા એમ.બી.બી.એસ. તબીબી અધિકારી વર્ગ-૨ ની નિમણુંકો થઈ છે. જિલ્લાના મોટાભાગના આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો, મોબાઈલ વાન તેમજ હોસ્પિટલોમાં ખાલી પડી રહેલ જગ્યાઓ ઉપર ડૉક્ટરોની આ નિમણુંકો થઈ છે. જેથી જિલ્લાના તમામ તાલુકાઓમાં તબીબી સારવાર અને આરોગ્ય સેવાઓમાં વધારો થશે અને લોકોને છેવાડાના વિસ્તારમાં ઘર આંગણે આ સેવાઓ મળશે.

# ઊંઝા એસ.ટી. ડેપોની બંધ બસનું ઓનલાઈન બુકિંગ ચાલુ

### ડેપોના ખાડે ગયેલ તંત્રથી મુસાફરો પરેશાન

ઊંઝા, તા. ૩૦

મહેસાણા એસ.ટી. વિભાગના ઊંઝા ડેપો દ્વારા અગાઉ સંચાલિત ઊંઝા વડોદરા રૂટની સવારના સાત વાગ્યાની એક્સપ્રેસ બસ લગભગ છેલ્લા છ માસથી બંધ કરાયેલ હોવા છતાં હજી સુધી આ બસનું ઓનલાઈન બુકિંગ ચાલુ રહેતાં મુસાફરો ભારે પરેશાની ભોગવી રહ્યા છે.

વેપારીમથક અને યાત્રાસ્થળ એવા ઊંઝા ખાતે એસ.ટી. ડેપો તરફથી સવારે સાત કલાકે ઉપડતી વડોદરાની બસ સર્વિસ બંધ કરી દેવામાં આવી છે. આ બસના સ્થાને ઊંઝા-સંતરામપુર વાયા વિજાપુર, મોડાસા બસ શરૂ કરાયેલ છે. આમ વડોદરાથી બે બસો પૈકી સવારના સાત વાગ્યે ઉપડતી બસ બંધ કરવામાં આવી હોવા છતાં હજી સુધી આ બસનું ઓનલાઈન બુકિંગ લોક કરવામાં આવ્યું નથી. આથી ઓનલાઈન બુકિંગ ચાલુ રહેતા દિવાળીના તહેવારોમાં કેટલાક મુસાફરોએ ઓનલાઈન બુકિંગ કરાવતા તેઓ રઝળી પડ્યા હતા.

ગત તા. ૨૯ ઓક્ટોબરના રોજ ઉનાવા અને મહેસાણાથી ચાર મુસાફરોએ ઓન લાઈન બુકિંગ કરાવ્યું હતું. જેઓ અટવાઈ પડ્યા હતા. બસ બંધ થવા છતાં ઓનલાઈન બુકિંગ બંધ નહીં કરીને ચાલુ રખાતાં મુસાફરોને પરેશાની વેઠવી પડે છે. આ બાબતે એસ.ટી. નિગમના વરિષ્ઠ અધિકારીઓએ ફરજમાં બેદરકારી દાખવીને મુસાફરોને પરેશાન કરનાર જવાબદાર અધિકારીઓ કર્મચારી સામે સત્વરે કડક પગલાં ભરવા જોઈએ તેવું મુસાફરો ઈચ્છે છે.

બીજું છેલ્લા કેટલાક વખતથી ઊંઝા એસ.ટી. ડેપોનું તંત્ર સાવ ખાડે ગયું હોવાની મુસાફર જનતાની બૂમરાણ ઉઠી છે. એસ.ટી. નિગમ દ્વારા સમગ્ર રાજ્યમાં સૌ પ્રથમ ઊંઝા ડેપોને કમ્પ્યુટરાઈઝ કરવામાં આવ્યો હતો. જેની સરાહના થઈ હતી પરંતુ ડેપોના જવાબદાર અધિકારીઓની નિષ્ક્રિયતા યા વહિવટ પરથી અંકુશ ગુમાવતા ડેપોનું તંત્ર ખાડે ગયેલ છે. ડેપો મથકથી ઉપડતી કેટલીક લાંબા અને ટુંકા અંતરથી એક્સપ્રેસ તેમજ લોકલ બસો સમયસર ઉપડતી નથી. કંટ્રોલ કેબિનમાંથી મુશાફરોને વ્યવસ્થિત જવાબ મળતો નથી.

## ડિસેમ્બર માસમાં સૈનિકોની ધર્મપત્નીઓ માટે પેન્શન અદાલતનું આયોજન

હિંમતનગર, તા. ૩૦

સેનાના નિવૃત્ત સૈનિકો અને સ્વ. સૈનિકોના ધર્મપત્નીઓને સી.ડી.એ. (પેન્શન) અલ્હાબાદ દ્વારા પેન્શન મંજૂર કરવામાં આવેલ છે. અરજી કરી હોય તેવા લાભાર્થીઓના પેન્શનને લગતા પ્રશ્નોનું નિરાકરણ કરવા આગામી ડિસેમ્બર ૨૦૧૪ માં અલ્હાબાદ ખાતે પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. પેન્શનની બાબતની સમસ્યાના ત્વરીત નિરાકરણ માટે સાબરકાંઠા જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી ખાતે રૂબરૂ અથવા ૦૨૭૭૨-૨૪૬૬૩૦ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

## ઓએનજીસી મહેસાણા એસેટ દ્વારા 'સ્વચ્છ ભારત અભિયાન'

સ્વચ્છ ભારત અભિયાનના ભાગરૂપે શ્રી ઉત્પલ બોરા, જીજીએમ-એસેટ મેનેજર અને શ્રી એમ બાસુ હેડ એચઆર-ઈઆર ઓએનજીસી મહેસાણા એસેટે દ્વારા મહેસાણા જીલ્લાના ઉંઝા શહેરથી ૧૩ કિ.મી.ના અંતરે આવેલ નાની દાઉ ગામની "ાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે નવા બંધાયેલ શૌચાલય બ્લોક સમર્પિત કરવામાં આવ્યા હતા. આ "સંગે અન્ય સિનિયર ઓએનજીસી એક્ઝિક્યુટિવ અને સીએસઆર ટીમના સભ્યો પણ હાજર હતા.

## સાબરકાંઠા જિલ્લાની ડાક અને પેન્શન અદાલત યોજાશે

હિંમતનગર, તા.૩૦

ટપાલ સેવાને લગતા પ્રશ્નો તથા પોસ્ટલ પેન્શનને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે હિંમતનગરની મુખ્ય પોસ્ટ ઓફિસ ખાતે આગામી ૧૭ નવેમ્બરના રોજ ડાક અને પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અદાલતમાં ખાસ કરીને સાદી ટપાલ, રજિસ્ટર્ડ, મની ઓર્ડર, વી.પી. પાર્સલ, કાઉન્ટર સર્વિસ, સેવિંગ્સ બેંક, નાણાંકીય ગોલમાલ, તથા પોસ્ટલ પેન્શનને લગતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે. આથી અરજદારોએ નીતિ વિષયક મુદ્દા સિવાયના પ્રશ્નો અધિક્ષક ડાકઘર, સાબરકાંઠા વિભાગ, હિંમતનગર ૩૮૩૦૦૦૧ને મોડામાં મોડા તા. ૧૦-૧૧-૨૦૧૪ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવા એમ પોસ્ટ વિભાગે જણાવ્યું હતું.

# મોડાસામાં ભાજપના કાર્યકરોનો સ્નેહમિલન સમારોહ યોજાયો

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં મેઘરજ રોડ પર આવેલા અરવલ્લી જિલ્લા ભારતીય જનતા પાર્ટી કાર્યાલય દ્વારા અરવલ્લી જિલ્લાના તમામ ભાજપના નાના-મોટા કાર્યકરો નવા વર્ષની શુભેચ્છાઓ એકબીજાને પાઠવી શકે તે હેતુથી




સ્નેહમિલનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલા અરવલ્લી જિલ્લા ભાજપા કાર્યાલયના સ્થળ ઉપર શ્રી રમણલાલ વોરા (મંત્રીશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા)ના અધ્યક્ષસ્થાન હેઠળ યોજવામાં આવેલા નૂતન વર્ષે સ્નેહ મિલનના સમારોહમાં અરવલ્લી જિલ્લાના તમામ ભારતીય જનતા પાર્ટીના નાના-મોટા કાર્યકર્તાઓ ખુબ જ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આ સ્નેહમિલનના કાર્યક્રમમાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના પ્રભારી મંત્રી રજની પટેલ (ગૃહ રાજ્યમંત્રી) વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ હર્ષદગીરી ગોસ્વામી (પ્રદેશભાજપ મંત્રી અને પ્રભારી અરવલ્લી જિલ્લો) તથા સાબરકાંઠા સંસદ સભ્ય દિપસિંહ રાઠોડ, સાબરકાંઠા જિલ્લા પંચાયત હેમલત્તાબેન પટેલ, મોડાસા તાલુકા પંચાયત પ્રમુખ ભાવનાબેન વણકર, માજી ધારાસભ્યો દિલીપસિંહ પરમાર, ભીખીબેન પરમાર, હિરાજી ડામોર ઉપસ્થિત રહ્યા હતા. મોડાસા નગરપાલિકા પ્રમુખ એસ.આર. પટેલ તેમજ મોડાસા નગરપાલિકાના ભાજપના તમામ કોર્પોરેટરો પણ ઉપસ્થિત રહ્યા હતા. અરવલ્લી જિલ્લા ભાજપા પ્રમુખ અંગત કારણોસર ઉપસ્થિત રહી શક્યા નહોતા. ભાજપા પ્રમુખ અરવલ્લી ભરતસિંહ રહેવર શુભેચ્છા સંદેશ દ્વારા ઉપસ્થિત રહેલા કાર્યકર્તાઓને નવા વર્ષના અભિનંદન પાઠવ્યા હતા. મહામંત્રી અરવલ્લી જિલ્લો ધીરૂભાઈ પ્રજાપતિ, ભીખાજી ડામોર, તેમજ રાજુભાઈ પટેલે એ ઉપસ્થિત સૌ કાર્યકરોનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ પ્રભારી મંત્રી અરવલ્લી જિલ્લો હર્ષદગીરી ગોસ્વામીએ આવનારા દિવસોમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભવ્ય વિજય મેળવવા માટે એક જૂથ થઈને અત્યારથી જ કામગીરીમાં જોતરાઈ જવા જણાવ્યું હતું. સાબરકાંઠા તેમજ અરવલ્લી જિલ્લાના પ્રાથમિક સભ્યોની સંખ્યા એક લાખથી પણ વધારે આ વર્ષના અંત સુધીમાં નોંધાણી કરાવવા માટે હાંકલ કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લાના તમામ તાલુકાઓના પ્રમુખ મંત્રીઓ તેમજ કારોબારી સક્રીય સભ્યો વિશેષ સંખ્યામાં ઉપસ્થિત રહી માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સ્વપ્ર સમાન સ્વચ્છ-સંગીન સમૃદ્ધ રાષ્ટ્રની સંકલ્પાનાને સાકાર કરવા માટે નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

# પ્રાંતિજમાં પલ્ટી મારી ગયેલ ડાલુમાંથી બિયર લૂંટી બિયર રસીયાઓએ મહેફીલ માણી

પ્રાંતિજ, તા. ૩૦

પ્રાંતિજના જેશીંગપુરા પાટીયા પાસે આજે રાજસ્થાન




(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

તરફથી બિયરનો જથ્થો ભરેલ પીકઅપ ડાલુ અચાનક જ પલ્ટી ખાઈ ગયુ હતુ જેથી માર્ગ પર ચારે બાજુ બિયરના ટીને ટીન જોવા મળતા હતા. ઘટના અંગે સ્થાનિકોને ખબર પડતા બિયર અને દારૂના રસીયાઓ બિયર લેવા દોડી આવ્યા હતા અને જે મળે તે લઈ રફુચક્કર થઈ ગયા હતા. જો કે પ્રાંતિજ પોલીસને આ ઘટનાની જાણ થતા ઘટનાસ્થળે દોડી આવી બિયર તથા ડાલાનો કબજો લઈ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજના જેશીંગપુરા પાટીયા પાસે હિંમતનગર-અમદાવાદ માર્ગ પર રાજસ્થાનથી પુરપાટઝડપે બિયરનો મોટો જથ્થો ભરી પીકઅપડાલુ નં. જીજે-૨૩-ડબલ્યુ-૭૮૨૮ પસાર થઈ રહ્યું હતું. દરમિયાન અચાનક જ બિયર ભરેલુ ડાલુ પલ્ટી ખાઈ જતા માર્ગ પર ચારે બાજુ બિયરના ટીને ટીન ફેલાઈ ગયા હતા. આથી માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો અને આસપાસના બિયર રસીયાઓ તુરંત જ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને જેમ જેટલા બિયરના ટીન મળે તે લઈ રફુચક્કર થઈ ગયા હતા. કેટલા બિયર રસીયાઓ તો પેપ્સીની બોટલની જેમ ખુલ્લેઆમ હાથમાં ટીન પીતા નજરે પડ્યા હતા. જ્યારે આ મામલે પ્રાંતિજ પોલીસને જાણ થતા પોલીસ પણ તુરંત ઘટના સ્થળે દોડી આવી હતી જ્યારે અકસ્માતની સાથે જ ચાલક સ્થળ પરથી નાશી છૂટ્યો હતો. પોલીસે રૂ. ૨,૩૪.૮૦૦ ની કિંમતની ૨૩૪૮ બિયરની પેટી અને રૂ. ૪૦,૦૦૦૦ મળી કુલ રૂ. ૬,૩૪,૮૦૦ નો મુદ્દામાલ કબજે કરી અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# વડાગામમાં જલારામ જન્મ જયંતિ મહોત્સવ ધામધૂમપૂર્વક યોજાયો

વડાગામ, તા. ૩૦

વડાગામ નજીક હિરાવાડી કંપા સ્થિત જલારામ સેવાધામમાં



(તસવીર : બાબુભાઈ પટેલ)

જલારામજીની ૨૧૬મી જન્મજયંતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું અને મહોત્સવનો લાભ લીધો હતો.

જલારામ જન્મ જયંતિ મહોત્સવ અંતર્ગત ગતરોજ જલારામધામમાં હસતા રહો, ઝુમતા રહો નાટક પણ યોજાયું હતું. બાદમાં આજે સવારે પુરણશરણદાસજી મહારાજના સાંનિધ્યમાં મહાઆરતી યોજાઈ હતી. જ્યારે ૧૦ કલાકે મંદિરમાં ધજારોહણ કરવામાં આવી હતી. આ ધાર્મિક પ્રસંગે મુખ્ય મહેમાન પદે સુશિલાબેન બાબુભાઈ માકાણી, અંબાલાલ પટેલ, પરષોત્તમભાઈ પટેલ, જયંતિભાઈ લાકડાવાળા, ધનસુરા પોલીસ મથકના પી.એસ.આઈ. રવિજી બારોટ, બાબુભાઈ પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ, છગનભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## આજે સાબરકાંઠા જિલ્લામાં રન ફોર યુનિટીનો કાર્યક્રમ યોજાશે

હિંમતનગર, તા. ૩૦

અંખડ ભારતના શિલ્પી અને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મતિથિએ સમગ્ર રાજયમાં રન ઓફ યુનિટીનો કાર્યક્રમ યોજાવાનો છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં પણ આજે તા. ૩૧ ઓકટોબરના રોજ ગૃહ રાજય મંત્રી અને જિલ્લા -ભારી મંત્રી રજનીકાન્ત પટેલની ઉપસથિતિમાં હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતેથી રન ફોર યુનિટી કાર્યક્રમ યોજાશે. રન ફોર યુનિટી સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, -ંતિજ અને તલોદ એમ ૬ નગરપાલિકા અને પોશીના અને વિજયનગર તાલુકાના મુખ્યમથકે આ કાર્યક્રમ યોજાશે.

રન ફોર યુનિટી હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડથી શરૂ થઈ શહેરના સિવિલ સર્કલ, પાંચબતી, ટાવર રોડ સહિતના વિસ્તારોમાંથી પસાર થયા હતા. જયાં મહાવીરનગર સર્કલ ખાતે સમાપન કરવામાં આવશે. કાર્યક્રમમાં તમામ અધિકારીઓ શહેરના વરિષ્ઠ નાગરીકો, વિધાર્થીઓ, પોલીસ જવાન સહિત શહેરના નાગરીકો રન ફોર યુનિટી કાર્યક્રમમાં જોડવા કલેકટરે અપીલ કરી છે.

## સુંઢિયા ગર્લ્સ હાઈસ્કૂલમાં વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

શ્રી સીતાબા જે.વી. પટેલ કન્યા વિદ્યાલય અને શ્રી મેનાબા કાન્તિલાલ (રાજા પરિવાર) ઉચ્ચ. માધ્યમિક શાળામાં ભવ્ય વાર્ષિકોત્સવ યોજવામાં આવ્યો હતો. મહેસાણા વિભાગના સાંસદ જયશ્રીબેન પટેલના અતિથિ વિશેષ સ્થાને અને ઊંઝા વિસ્તારના ધારાસભ્ય નારાયણકાકાના અધ્યક્ષ સ્થાને ઉજવાયેલ શાળાના વાર્ષિકોત્સવ પ્રસંગે વિસનગરના ધારાસભ્ય ઋષિકેશભાઈ પટેલ તથા મહેસાણા જિલ્લા પંચાયતના પ્રમુખ જે.એલ. પટેલ ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરી હતી. મંડળના પ્રમુખ ચીમનભાઈ પટેલે સ્વાગત પ્રવચન સાથે મંડળના વિકાસની વાત કરી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થિનીઓને ગ્રામજનો તરફથી પ્રોત્સાહક ઈનામો અપાયા હતા.

આ પ્રસંગે શાળામાં ૨૬ વર્ષથી સેવા આપનાર બહેન શુભદ્રાબેન પટેલને વય નિવૃત્તિને કારણે વિદાય આપવામાં આવી હતી. સમગ્ર ગ્રામજનો શાળાના આચાર્યા, શિક્ષક ભાઈ-બહેનો તથા મંડળના મંત્રીશ્રી પી.સી. પટેલ અને સમગ્ર કારોબારી સભ્યોએ ઉપસ્થિત રહી પ્રસંગની શોભા વધારી હતી. કાર્યક્રમને સફળ સંચાલન મંડળના મંત્રી પી.સી. પટેલ તથા આઈ.સી. પંડ્યાએ કર્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦